૧૬૪૯

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૨.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૯** ફાઈલના **રૂા.૦.૨૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૭ લોકેશન (ખાડા) ૩૪૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૬.૭૯** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૪** લોકેશન (ખાડા) **૧૫૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, **૧૯૩૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) માં ઉધના રોડ નં.૩, એસ.પી. રોડ પાસેથી **૦૮** લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ., તથા **રૂા.૧,૩૦૦/–** વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ. તથા સાઉથ ઝોન (ઉધના)માં ઉદ્યોગ નગર સંઘ, રોડ નં.૧ માં બ્લોક નં.એ/૧/૧૬ ખાતે આશરે **૮૦૦** ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. તેમજ શટરીંગ બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ. અને વહીવટી ચાર્જ પેટે રૂા.૪૦,૦૦૦/–, ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/–, સી.ડી.વેસ્ટ ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૧૭,૨૩૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૯૧** લાખ થયેલ છે., **૨૩** EC તથા **૧૨** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૯૬૨/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૧૦૬** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૨૧.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૧૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૦૭૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૯૪૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૭** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૪૦** કરવામાં આવેલ છે. જયારે **૨૮** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૬૫૦

# પ્રેસનોટ

## "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૧૭/૦૧/'૧૭ ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ગુજરાત હાઉસિંગબોર્ડ, કોમ્યુનીટીહોલ, પાણીની ટાંકી પાસે, પાંડેસરા, **સુરત ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૧૬૫૧

# :: પ્રેસનોટ::

## <u>"૧૬મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા "૧૬મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"નું આયોજન તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં બપોરે અને સાંજે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૫/૦૧/૨૦૧૭ના રોજ ધો.૧ થી ૮ની ચિત્રકામ સ્પર્ધા, તા.૨૬/૦૧/૨૦૧૭ના રોજ ખુલ્લા વિભાગ(૧૮ વર્ષથી ઉપરના)ની તુલસી કયારા ડેકોરેશન સ્પર્ધા અને ધો.૫ થી ૧૨ની દેશભકિત આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટીશન, તા.૨૭/૦૧/૨૦૧૭ના રોજ માધ્યમિક અને ખુલ્લા વિભાગ(૧૮ વર્ષથી ઉપરના)ની વારલી પેઈન્ટીંગ સ્પર્ધા, તા.૨૮/૦૧/૨૦૧૭ના રોજ ખુલ્લા વિભાગ(૧૮ વર્ષથી ઉપરના)ની કુંડા પેઈન્ટીંગ સ્પર્ધા અને તા.૨૯/૦૧/૨૦૧૭ના રોજ ખુલ્લા વિભાગ(૧૮ વર્ષથી ઉપરના)ની કેન્વાસ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ તમામ સ્પર્ધાઓના ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી સ્પર્ધાના અગાઉના દિવસ સુધી પરત કરવાના રહેશે. આ સ્પર્ધાઓના ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

૧૬૫૨

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓક્ટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૧/૧૭ થી તા.૧૫/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૩/૦૧/૧૭ના રોજ તમામ ખાનગી ટેક્ષટાઈલ્સ માર્કેટ/ મ્યુ.વેજી/ મટન માર્કેટોમાં ઝોન લેવલે કોમ્પીટેશન કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૩/૦૧/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ માર્કેટનાં હોદ્દાદારો, આરોગ્ય વિભાગ તેમજ સખીમંડળની સંયુકત ટીમો બનાવી માર્કેટ વિસ્તારોમા ખાનગી ટેક્ષટાઈલ્સ માર્કેટ/ મ્યુ.વેજી/ મટન માર્કેટોમાં ઝોન લેવલે કોમ્પીટેશન કરવા તથા માર્કેટ વિસ્તારોમાં સ્વચ્છતાલક્ષી હોર્ડીગ અને બેનરો દ્વારા નાગરીકોમાં સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

| સ્વચ્છતા અંગે હરીફાઈ રાખેલ માર્કેટો | કોમ્પીટેશનમાં ભાગ લેનાર માર્કેટો | હોદાદારો | સુપરવાઈઝર | કામદાર |
|---|---|---|---|---|
| 25 | 2 | 50 | 21 | 63 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૫૩

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૬/૦૧/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), શોએબ નગર–બી સોસાયટી માં આશરે ૫૦૦ ચો.ફુટ કાચા પાકા મકાનોનું ડિમોલીશન કરી ટી.પી.પૈકીનો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૬૫૪

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ **"ગર્લ ચાઈલ્ડ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૧/૧૭ના રોજ શાળા/ કોલેજ/ આંગણવાડીમાં સ્વચ્છતા શપથ તથા શાળા કોલેજ કેમ્પસના ટોઈલેટ બ્લોકની સફાઈ કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૬/૦૧/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ આરોગ્ય/આઈ.સી.ડી.એસ/આંગણવાડીનો સ્ટાફની તથા ન.પ્રા.શાળા, કોલેજના આચાર્યો સાથે સંયુકત ટીમો બનાવી શાળા કોલેજ કેમ્પસના ટોયલેટ બ્લોકની ધનિષ્ઠ સફાઈ કામગીરી કરી એસીડ, ફિનાઈલ,પાણી વડે ધોવડાવી જતુંનાશક દવાનો છંટકાવ તેમજ ટોયલેટમાં ડામરની ગોળી, એર ફ્રેશનર મુકવાની કામગીરી કરાવ્યા બાદ સફાઈ ઝુંબેશમાં ભાગ લેનારાઓને સ્વચ્છતા બાબતે શપથ લેવડાવવામાં આવ્યા હતા.

| શાળા/કોલેજ/ આંગણવાડી | શપથ લેનાર શિક્ષકો/આચાર્યો | શપથ લેનાર વિધાર્થીઓ | શપથ લેનાર કર્મચારીઓ | ટોયલેટ બ્લોકની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર |
|---|---|---|---|---|---|---|
| 159 | 325 | 1394 | 259 | 34 | 37 | 64 |

વધુમાં સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૫૫

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ર૭ી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૭ની તા.૦૨/૦૧/૧૭ થી તા.૧૪/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૪/૦૧/૧૭માર્કેટનાં હોદ્દાદારો, પ્રમુખ, સેક્રેટરી અન્ય સભ્યો નગરજનોને સાથે રાખી ડ્રાય ડે(વાહક જન્ય રોગ નિયત્રંણ) એકટીવીટી અને વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલ અટકાયતી જન જાગૃતિ અભિયાન આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૪/૦૧/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ માર્કેટો,માર્કેટના હોદ્દાદારો,સખીમંડળ,આરોગ્ય વિભાગ તેમજ વી.બી.ડી.સી વિભાગના સ્ટાફની વિભાગની સંયુકત ટીમો બનાવી સ્લમ વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 32557 | 68523 | 204 | 9514 | 695 | 1556 | 74 | 32950 | 53 | 24596 | 10588 |

વધુમા પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી તેમજ રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૬૫૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી ''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ **''ગર્લ ચાઈલ્ડ ડે''** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૭/૦૧/૧૭ના રોજ આંગણવાડીના લાભાર્થી તથા શાળાઓમાં આચાર્યોશ્રીઓનો સંપર્ક કરી વિધાર્થીઓની રેલી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત આંગણવાડી/મ્યુ–પ્રાઈવેટ શાળાના આચાર્યશ્રીઓનો સંપર્ક કરી વિધાર્થીઓની રેલી કાઢવા માટેની મીટીંગનું આયોજન કરી ચર્ચા કર્યા બાદ તા.૧૭/૧/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં જુદાં જુદાં સ્થળે રેલીનું આયોજન કરવામાં આવેલ હતુ.જેમાં નીચે જણાવેલ સભ્યોશ્રીઓ રેલીમાં હાજર રહયા હતા.

| રેલીની સંખ્યા | રેલીમાં ભાગ લેનાર | | | | | |
|---|---|---|---|---|---|---|
| | શાળા/કોલેજ/આંગણવાડી | પદાધિકારીઓ | વિધાર્થીઓ | કર્મચારીઓ | સુપરવાઈઝર | કામદાર |
| 15 | 83 | 92 | 1739 | 197 | 35 | 75 |

વધુમાં રેલીમાં ભાગ લેનાર જુદાં જુદાં સભ્યો તથા વિધાર્થીઓને સ્વચ્છતા રાખવા તેમજ ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૫૭

# પ્રેસનોટ – સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૧૭/૦૧/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન ગુજરાત હાઉસીંગ બોર્ડ, કોમ્યુનિટી હોલ, પાણીની ટાંકી પાસે, પાંડેસરા, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમના સંદર્ભમાં ઉધના વિધાનસભા વિસ્તારના ધારાસભ્યશ્રી શ્રીનરોત્તમભાઈ પટેલે પ્રાસંગીક ઉદબોઘન કરતા જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમ થકી સેવા પુરી પાડવા સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યુ છે તથા તમામ વિભાગો સમયદાન કરી જે રીતે ફરજ બજાવી રહયા છે તે પ્રશંસનિય બાબત છે.

કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે પ્રજાલક્ષી કાર્યક્રમો દ્વારા વિકાસને વેગવંતો બનાવવા, જરૂરીયાતો સંતોષવા, ચિંતન–મનન કરી અનેક યોજનાઓ ઘડવામાં આવે છે. લોકોની સામાજિક, આર્થિક, શૈક્ષણિક તેમજ આરોગ્યલક્ષી જરૂરીયાતો પુરી કરવા સરકારની અનેક યોજનાઓ છે પરંતુ લોકો તેની જાણ ન હતી પરીણામે ભુતકાળમાં વચેટીયા લાભ ખાટી જતા હતા. રાજય સરકાર આ "સેવાસેતુ કાર્યક્રમ" થકી લોકોના દ્વારે આવી અને વોર્ડવાઈઝ આ કાર્યક્રમોનુ આયોજન કરી પ્રસંશનિય કામગીરી કરી રહી છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શીરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, શાસક પક્ષના નેતા શ્રી ગીરજાશંકર મિશ્રા, શહેર ભાજપ ઉપાધ્યક્ષ શ્રી છોટુભાઈ પાટીલ તેમજ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા કુલ ૫૬ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ ૩૨૭૧ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.







૧૬૫૮

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૭.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૪** ફાઈલના **રૂા.૦.૦૮ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૭ લોકેશન (ખાડા) ૫૦૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૩૫.૬૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૬** લોકેશન (ખાડા) **૨૨૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૯** લોકેશન, **૨૦૩૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૬.૧૦** લાખ થયેલ છે., **૨૩** EC તથા **૦૪** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૪૨૯/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૭૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૩૦.૧૦૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૭** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૦૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૬૦૦** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૬૬૧૭** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૯** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૫૨૮** કરવામાં આવેલ છે. જયારે **૨૭** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૬.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૩ ફાઈલના **રૂ.૦.૦૬ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,**કુલ–૦૬ લોકેશન (ખાડા) ૩૮૫.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૭.૬૨** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૫** લોકેશન (ખાડા) **૨૨૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન, **૨૧૮૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૮(ઉન), શોએબ નગર–બી સોસાયટી માં આશરે **૫૦૦ ચો.ફૂટ** કાચા પાકા મકાનોનું ડિમોલીશન કરી ટી.પી.પૈકીનો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેક્શન કુલઃ **૦૩**, પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂ.૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૫** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૭૧** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૧૬.૭૫** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૧૦.૨૨** લાખ થયેલ છે., **૨૨ EC** તથા **૦૮ RC** નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૨,૪૯૯/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂ.૧,૭૦૦/–** વસુલ લેવામાં આવેલ છે., **૫૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૩૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૦ છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૫૦** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૪૪.૯૫૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૩૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂ.૨,૧૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૭૧૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૪૪૭૬** બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૬૫** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૫૫૧** કરવામાં આવેલ છે. જ્યારે ૩૨ નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૯,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં....1659......;**
**તા.૧૬–૦૧– ૨૦૧૭**

૧૬૬૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ **"ગર્લ ચાઈલ્ડ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૮/૦૧/૧૭ના આંગણવાડીની અંદર તુટેલા ટોયલેટ બ્લોકનું રીપેરીંગ તથા અપુરતા હોય તો નવા બનાવવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત આંગણવાડી તથા ટેકનીકલ વિભાગની સંયુકત ટીમો બનાવી ઉધના ઝોન વિસ્તારમાં આવેલ આંગણવાડીઓમાં ટોયલેટ બ્લોકનું રીપેરીંગ કામ કરી તથા અપુરતા ટોઈલેટ બ્લોક હોય ત્યાં નવા ટોઈલેટ બ્લોક બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

| આંગણવાડીની સંખ્યા | રીપેરીંગ કામ કરેલ ટોયલેટ બ્લોકની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર |
|---|---|---|---|
| 55 | 15 | 3 | 10 |

વધુમાં સ્વચ્છતા બાબતે આંગણવાડીના સભ્યો, સખીમંડળના સભ્યો, નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૬૧

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહનના ભાગરૂપે BRTS ફેઝ-૨ એક્ષટેન્શન અંતર્ગત વધુ ૩ કોરિડોર (૧) સુરત રેલ્વે સ્ટેશન થી હીરાબાગ (૨) હીરાબાગ થી વાલક ગામ અને (૩) કાપોદરા થી વાયા તાપી રીવર બ્રીજ થી ઉત્રાણ સુધીના ત્રણ રૂટની શરૂઆત મા. નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતીનભાઈ પટેલના વરદ્ હસ્તે તા. ૧૯-૦૧-૨૦૧૭ થી શરૂ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૧૨ બસો હાલમાં કાર્યરત કરવામાં આવેલ છે. હાલમાં સુરત મહાનગરપાલિકા દ્વારા BRTS પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૬ કોરિડોર કાર્યરત છે.

તા.૧૯ જાન્યુઆરી, ૨૦૧૭ થી તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૭ સુધી આ વિસ્તારના શહેરીજનો સુરત બી.આર.ટી.એસ. બસની સેવાથી માહિતગાર થાય તથા તેનો મહત્તમ લાભ લે એ હેતુસર બી.આર.ટી.એસ. બસની સેવા આ ત્રણેય રૂટમાં ફ્રી રાખવામા આવેલ છે. પ્રજાજનો દ્વારા બી.આર.ટી.એસ. બસ સેવાને સારો પ્રતિસાદ મળી રહે તેમજ શહેરના જાહેર પરિવહન સેવાને વધુને વધુ પ્રોત્સાહન મળી રહે તે હેતુસર શહેરીજનોને બી.આર.ટી.એસ. બસની સેવાનો લાભ લેવા વિનંતિ કરવામાં આવે છે.

આમ, જાહેર પરિવહનના ભાગરૂપે સુરત BRTS બસની સેવાનો લાભ લેવાથી શહેરના ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થશે, શહેરીજનો રિક્ષા ને બદલે બસનો ઉપયોગ કરે તો ટ્રાફિકમાં પણ ઉત્તરો-ઉત્તર ઘટાડો થશે તેમજ પ્રદૂષણમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે જે પર્યાવરણ માટે પણ એક આશિર્વાદ સમાન બની રહેશે. આમ, શહેરના દરેક નાગરિકને બી.આર.ટી.એસ. બસની સેવાનો મહત્તમ લાભ લેવા વિનંતિ કરવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં મુખ્યમંત્રી ગૃહયોજના (Gujarat Rural Urban Housing) અંતર્ગત સાકારિત ૨૫૨૯ L.I.G.આવાસોની તથા ૩૦૦ E.W.S આવાસ તથા બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ અંતર્ગત બી.આર.ટી.એસ ફેઝ–૨ના ભાગરૂપે બસ શેલ્ટર સહિત કુલ રૂા.૨૯૩.૭૧ કરોડના ખર્ચે લોકાર્પણ/ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ શ્રી નીતિનભાઈ પટેલ માન.નાયબ મુખ્યમંત્રી,ગુજરાત રાજયના વરદ્હસ્તે તથા માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ પદે યોજવામાં આવેલ.

બી.આર.ટી.એસ. ફઝ–૨ એક્ષટેન્શન અંતર્ગત વધુ ૩ કોરીડોર (૧) સુરત રેલ્વે સ્ટેશન થી હીરાબાગ (૨) હીરાબાગ થી વાલક ગામ અને (૩) કાપોદરા થી વાયા રીવર બ્રીજથી ઉત્રાણ સુધીના ત્રણ રૂટની શરૂઆત માન.નાયબ મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી નીતિનભાઈ પટેલના વરદ્હસ્તે આજરોજ શરૂ કરવામાં આવેલ છે.જેમા કુલ ૧૨ બસો હાલમાં કાર્યરત કરવામાં આવેલ છે.હાલમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા બી.આર.ટી.એસ પ્રોજેકટ અંતર્ગત કુલ ૬ કોરિડોર કાર્યરત છે.હાલ ત્રણ રૂટમાં ફ્રી સેવા રાખવામાં આવેલ છે.

મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત પૈકી નેમનાથ નગરની બાજુમાં,ગોરાટ રોડ,રાંદેર ખાતે સુમન સંધ્યા (૨૮૮)આવાસનું લોકાર્પણ કરવામાં આવ્યું

ત્યારબાદ માન.નાયબ મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી નીતિનભાઈ પટેલે સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ સંપન્ન કરી હતી

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે સુરત શહેર ઝડપથી આગળ વધી રહયું છે.લોકો રોજગારી મેળવવા માટે શહેરમાં આવે છે ત્યારે તેમને પ્રાથમિક સુવિધા પુરી પાડવાની ફરજ સુરત મહાનગરપાલિકાની છે. મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત સાકારિત ૨૫૨૯ L.I.G.આવાસોની તથા ૩૦૦ E.W.S આવાસોથી લોકોના પોતાના ઘરનું સ્વપ્ન પુર્ણ થશે.બી.આર.ટી.એસ બસ અને સીટી બસના વધુને વધુ ઉપયોગથી પ્રદુષણમાં ઘટાડો થશે અને લોકોને પોતાના પ્રાઈવેટ વાહનનો ઉપયોગ ઓછો કરી પ્રદુષણ નિયંત્રણ કરવામાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

ઉપસ્થિત માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તેમજ માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને સાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

માન.દંડક,ગુજરાત સરકાર શ્રી અજયકુમાર ચોકસીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે દેશના મુખ્ય શહેરોમાં સુરત શહેરનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત સાકારિત ૨૫૨૯ L.I.G.આવાસોની તથા ૩૦૦ E.W.S આવાસો તથા બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંતર્ગત બી.આર.ટી.એસ ફેઝ–૨ના ભાગરૂપે બસ શેલ્ટર સહિત કુલ રૂા.૨૯૩.૭૧ કરોડ ખર્ચના વિવિધ પ્રોજેકટ લોકોને અર્પણ કરવામાં આવશે.વધુમાં તેમણે જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં અગ્રેસર છે.

માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા તરફથી સતત વિકાસ કામો હાથ ધરવામાં આવી રહયા છે.જેમા સરકાર પુરતો સાથ સહકાર આપી પ્રોત્સાહિત કરી રહી છે.સુરત મહાનગરપાલિકા નાગરિકો માટે અનેક વિકાસના કામો કરી રહી છે.સરકારની  મદદથી આવાસો ફાળવવામાં આવે છે તથા લોકોને અસર કરતી પ્રજાલક્ષી,ગરીબ લક્ષી યોજનાઓ પુરી પાડવામાં આવે છે.દેશના કોઈ પણ રાજય માંથી લોકો સુરતમાં રોજગારી મેળવવા માટે આવે છે.ત્યારે આવા તમામ લોકોને આવક તથા રોજગારી આપવાની તાકાત સુરત શહેરમાં છે.સુરત મહાનગરપાલિકાને  ગરીબો માટે આવાસ બનાવવા માટે જગ્યા મળી રહે તે માટે ગુજરાત સરકાર હકારાત્મક અભિગમ રાખીને જગ્યા સુરત મહાનગરપાલિકાને  જગ્યાની ફાળવણી કરે છે.સરકાર પારદર્શકતા રાખીને ડ્રો કરીને મકાનોની ફાળવણી કરે છે.

સુરત મહાનગરપાલિકા શહેરની કુલ ૧.૧૮ લાખ સ્ટ્રીટલાઈટ ફિટિંગસ પૈકી બિનકાર્યક્ષમ ૯૦,૦૦૦ સ્ટ્રીટલાઈટ ફિટિંગસ બદલવામાં આવનાર છે.જેના થકી વાર્ષિક ૧.૫ કરોડ જેટલી વીજયુનિટની બચત થશે અને વાર્ષિક રૂા.૯ કરોડ જેટલા વીજયુનિટ વિજબીલમાં બચત થશે.સુરત મહાનગરપાલિકા પોતાના માટે તો રૂફટોપ સોલાર પ્લાન્ટ તો પહેલેથી જ સ્થાપિત કરી રહી છે હવે તે સુરત શહેરના નાગરિકો,વિવિધ શૈક્ષણિક,સામાજિક સંસ્થાઓ,હોસ્પીટલો વગેરે પણ પોતાના ઘરે તેમજ પોતાની છત પર રૂફટોપ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરે તે માટે સહાયકની ભુમિકા ભજવી રહી છે.સુરત મહાનગરપાલિકા સુરત શહેરને "સોલાર શહેર" બનાવવાની દિશામાં પ્રયત્ન કરી રહી છે.

વધતી જતી ટ્રાફિક સમસ્યાને કારણે સમયનો બગાડ,પ્રદુષણ જેવી ઘણી સમસ્યા ઉદ્‌ભવે છે.જે સમસ્યાને હલ કરવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી બી.આર.ટી.એસ બસ તથા સીટી બસો વધુને વધુ પુરી પાડવામાં આવશે.સુરત શહેરમાં વસ્તી વધારોની સાથે સાથે સગવડોમાં પણ વધારો થઈ રહયો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતુ કે રાજય સરકારની  યોજનાઓ અને ગ્રાંટનો ઝડપથી અને કાર્યક્ષમ રીતે ઉપયોગ  કરવામાં સુરત મહાનગરપાલિકા રાજયની તમામ મહાનગરપાલિકાઓમાં પ્રથમ રહી છે.આગામી બજેટમાં વધુને વધુ લાભ સુરત મહાનગરપાલિકા આપવા તથા બહેનો માટેની યોજનાઓને સમાવિષ્ટ કરવા માટે જણાવ્યું હતું

માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવો ધ્વારા L.I.G./E.W.S. આવાસના લાભાર્થીઓને ચાવી તથા દસ્તાવેજ અર્પણ કરેલ.

કાર્યક્રમના અંતે ડે.મયેર શ્રી શંકરલાલ ચેવલીએ ઉપસ્થિત મહેમાનો આભાર વ્યકત કરી કાર્યક્રમ સંપન્ન કરેલ.

આ પ્રસંગે માન.સાંસદ, શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન.ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માન.ધારાસભ્ય શ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા), માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નિતિનભાઈ ભજીયાવાલા, માન.પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શનીબેન કોઠીયા, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,માન.દંડક શાસકપક્ષ, શ્રી મુલજીભાઈ ઠકકર,શ્રી વિવેકભાઈ પટેલ, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન, માન. જિલ્લા કલેકટર શ્રી મહેન્દ્રભાઈ પટેલ વિવિધ સમિતિના ચેરમેનશ્રી, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.













૧૬૬૩

# પ્રેસનોટ

# "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૨૧/૦૧/'૧૭ ને શનિવારના રોજ સવારે ૯:00 થી ૫:00 કલાક દરમ્યાન મલ્ટીપર્પઝ કોમ્યુનીટી હોલ, સાગર સોસા. સામે, મરઘા કેન્દ્ર પાસે, કાપોદ્રા, **સુરત ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૧૬૬૪

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૯.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૧** ફાઈલના **રૂા.૦.૨૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૭ લોકેશન (ખાડા) ૪૭૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૩.૧૯** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન (ખાડા) **૩૦૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન, **૧૯૩૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), વસીમનગર સોસાયટી માં આશરે ૨૫૦ ચો.ફુટ કાચા પાકા મકાનો**નું** ડિમોલીશન કરી ટી.પી.પૈકીનો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે., તેમજ સાઉથ ઝોન (ઉધના) માં જી.આઈ.ડી.સી., પાંડેસરામાં પ્લોટ નં.૨૮૧ ખાતે આશરે ૧૫ ચો.મી.માપ વિસ્તારમાં ઈંટના ચણતર બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે. અને વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/–, ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– , સી.ડી.વેસ્ટ ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૧૩,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૮૮ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૦૫** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૧.૨૪** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૦૫.૬૩** લાખ થયેલ છે., **૨૦ EC** તથા **૧૦ RC** નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૫,૧૭૫/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** **૧૩૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૦** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૧૩૯.૧૮૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૩૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨,૬૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૦૦૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૩૯૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૭૬** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૩૮** કરવામાં આવેલ છે. જયારે **૨૪** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫૪,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૬૬૫

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૯/૦૧/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), વસીમનગર સોસાયટી માં આશરે ૨૫૦ ચો.ફુટ કાચા પાકા મકાનોનું ડિમોલીશન કરી ટી.પી.પૈકીનો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) માં જી.આઈ.ડી.સી., પાંડેસરામાં પ્લોટ નં.૨૮૧ ખાતે આશરે ૧૫ ચો.મી.માપ વિસ્તારમાં ઈંટના ચણતર બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે. અને વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/–, ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, સી.ડી.વેસ્ટ ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૬૬૬

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૩/૦૧/૨૦૧૭ થી તા.૧૯/૦૧/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૪૨,૪૩૬/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૭,૮૬૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૧૧.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૪૫.૬૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૪૬ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૪૫,૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૫ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૩૩,૦૨૦ અને ૬૯૯૩ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૪,૪૯,૭૫૦/– અને રૂા.૨,૭૪,૪૯૦/– રકમ મળી કુલ રકમ રૂા.૭,૨૪,૨૪૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

૧૬૬૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ **" ગર્લ ચાઈલ્ડ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૯/૦૧/૧૭ તથા તા.૨૦/૦૧/૧૭ના રોજ સુરત શહેરની વિવિધ કન્યા શાળાઓમાં કિશોરીઓને તથા વિવિધ મહિલા કોલેજોમાં વિધાર્થીનીઓને સ્વચ્છતા અંગે જાગૃતિ માટે તજજ્ઞ (ગાયનેકોલોજીસ્ટ અને પિડીયાટ્રીશ્યન)નું માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૯/૦૧/૧૭ તથા તા. ૨૦/૦૧/૧૭ નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ નાયબ આરોગ્ય અધિકારીશ્રી, શાળાના આચાર્યશ્રી તથા આઈ.એમ.એ સાથે સંયુકત ટીમો બનાવી દરેક ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓમાં/કોલેજોમાં કેમ્પ યોજી દરેક વિધાર્થીનીઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે ગાયનેકોલોજીસ્ટ/પિડીયાટ્રીશ્યન દ્વારા માર્ગદશન આપવામાં આવ્યું હતું.

| શાળા/કોલેજો | શિક્ષકો/આચાર્યો | વિધાર્થીઓ | સુપરવાઈઝર | કામદાર |
|---|---|---|---|---|
| 14 | 84 | 1200 | 22 | 66 |

વધુમાં સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર વિધાર્થીનીઓને સ્વચ્છતા રાખવા તેમજ ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

### માર્કેટ વિભાગ, નેચરપાર્ક-ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એક્વેરિયમ

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૩/૦૧/૨૦૧૭ થી તા.૧૯/૦૧/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી કેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૪૨,૪૩૬/- તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૭,૯૬૦/- ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી-ફળફળાદી ૧૧૧.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૪૫.૬૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર-જવરમાં અડચણરૂપ ઢોરો નંગ-૪૬ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૪૫,૨૦૦/- ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ -૯૦(એ)(૧) મુજબ -૫ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એક્વેરિયમમાં ક્રમશઃ ૩૩,૦૨૦ અને ૬૯૯૩ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૪,૪૯,૭૫૦/- અને રૂા.૨,૭૪,૪૯૦/- રકમ મળી કુલ રકમ રૂા.૭,૨૪,૨૪૦/- મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એક્વેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

સમાચારયાદી નં. 1668  
તા. ૨૦/૦૧/૨૦૧૭  
જનસંપર્ક વિભાગ,  
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૧૬૬૯

# પ્રેસનોટ

સ્માર્ટ સીટી અંતર્ગત સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ મંજુર પ્રિલિમીનરી ટી.પી.સ્કીમ નં.૧૯(પરવટ–મગોબ) નો સમાવેશ કરવામાં આવેલ છે. નામદાર સરકારશ્રીના ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સદરહુ  મંજુર પ્રિલિમીનરી ટી.પી.સ્કીમ નં.૧૯(પરવટ–મગોબ) મુજબ સુરત મહાનગરપાલિકા ને પ્રાપ્ત થતા રિઝર્વેશનના ફા. પ્લોટ નં.૯૮/૧, ૯૮/૨, ૧૧૬/પૈકી, ૧૧૮/પૈકી, ૧૧૧/૧/પૈકી, ૯૮/૩, ૧૦૧/૧, ૧૦૮/૨, ૯૯, ૧૦૭, ૧૦૦, ૧૧૨, ૧૧૪ વાળી કુલ ૫૫૪૭૩ ચો.મી. જગ્યાઓના કબ્જા સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત), સુરત મહાનગરપાલિકા દ્વારા મેળવવામાં આવેલ છે. તથા આજ તા.: ૨૦/૦૧/૨૦૧૭, શુક્રવારના રોજ સદરહુ  મંજુર પ્રિલિમીનરી ટી.પી.સ્કીમ નં.૧૯(પરવટ–મગોબ) ના ફા. પ્લોટ નં. ૧૧૦/૧/૧ (વેચાણ હેતુ રહેણાંક) ક્ષેત્રફળ ૪૮૬૦ ચો.મી. વાળી જગ્યાનો સીકયુરીટી સ્ટાફ સાથે રાખી લિંબાયત ઝોનનાં દબાણ વિભાગ તથા ટેકનીકલ સ્ટાફ સાથે સંયુકત રીતે સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો મેળવી સદરહુ ફા. પ્લોટ ના હદ મુજબ લોખંડની એંગલો લગાવી  ફેન્સીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ............................
તા.૨૦, ૧, ૨૦૧૭  1669  ૧

૧૬૭૦

# વર્લ્ડ કાઉન્સિલ ઓન સીટી ડેટા (WCCD) દ્વારાસુરત શહેરને ISO 37120(ગોલ્ડ લેવલ)એનાયેત

ISO 37120 આધારિત સમગ્ર શહેર માટે વિવિધ સેવાઓનેઆવરીલેતી, સર્ટીફીકેટ લેવાની પ્રક્રિયાનેવર્લ્ડ કાઉન્સિલ ઓન સીટી ડેટા (WCCD) દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. આ સંસ્થા દ્વારા સમગ્ર ભારત દેશમાંથી સક્ષમ શહેરોકે જેઓ પાસે વિવિધ સેવાઓને લગતા ડેટા/માહિતીઓ ઉપલબ્ધ હોય તેવા શહેરો તરીકે ફક્ત ત્રણ શહેરોની પસંદગી કરેલ.

જેશહેરો પાસે શહેરને લગતી તેમજ શહેરીજનો ને પૂરી પાડવામાં આવતી સેવાઓ બાબતે તમામ માહિતી/ડેટા ઉપલબ્ધ હોય તેવા શહેરોનેસર્ટીફીકેશન આપવાની કાર્યવાહી વર્લ્ડ કાઉન્સિલ ઓન સીટી ડેટા (WCCD) દ્વારા કરવામાં આવે છે. આ અંતર્ગત નિયત કરેલ માપદંડ પુરાકર્યેથી જેતેશહેરનેISO 37120એનાયેત કરવામાં આવે છે.

આઅંતર્ગત, વર્લ્ડ કાઉન્સિલ ઓન સીટી ડેટા (WCCD) દ્વારાસમગ્ર ભારતનાઅગ્રણીશહેરોનું મૂલ્યાંકન કરી, સક્ષમ શહેરોકે જેઓ પાસે વિવિધ સેવાઓને લગતા ડેટા/માહિતીઓ ઉપલબ્ધ હોય તથા તેને અનુરૂપ સીસ્ટસ્મ/કાર્યપ્રણાલી અમલમાં મુકેલ હોય તેવા શહેરો તરીકે ફક્ત ત્રણ શહેરોની પસંદગી કરવામાં આવેલ, જેમાં એક શહેર સુરત શહેર છે.

સદરહુસર્ટીફીકેશનના ભાગરૂપે વર્લ્ડ કાઉન્સિલ ઓન સીટી ડેટા (WCCD) દ્વારા પસંદગી કરેલ શહેરો પાસેથી ૬ માસથીવધુનાસમયગાળા દરમ્યાન વિવિધ ડેટા/માહિતી એકત્રિત કરવામાં આવેલ તથા પૂરી પાડવામાં આવેલ માહિતીની ખરાઈ કરવામાં આવેલ. સમગ્રપ્રક્રિયાને અંતે, આજ રોજ તા. ૨૦.૦૧.૨૦૧૭ ના રોજ મુંબઈ ખાતે, મહારાષ્ટ્રસરકારશ્રીનાવાણીજ્ય મંત્રી શ્રી સુધીરમુંગાન્તીવરદ્વારાસુરત શહેરને ISO 37120(ગોલ્ડકેટેગરી)એનાયેત કરવામાં આવેલ છે.

આ અંતર્ગત, સુરતમહાનગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ સેવાઓ જેવી કે પાણી, ગટર વ્યવસ્થા,સોલીડવેસ્ટ, સ્ટ્રીટ લાઈટ,એનર્જી, હેલ્થ, શિક્ષા, ફાયર એન્ડ ઈમરજન્સી, વિગરેને લગતી માહિતીનીસાથેસાથે અન્ય સંસ્થાઓજેવીકે પુલિસ ડીપાર્ટમેન્ટ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગ, રોજગાર કચેરી,ઈલેક્ટ્રીસીટી બોર્ડ, સિવિલ હોસ્પિટલ,વિગેરેને લગતી માહિતી ઉપલબ્ધ કરવામાં આવેલ.અત્રે ઉલ્લેખનીય છે કે સુરત મહાનગરપાલિકા દ્વારા પારદર્શી વહીવટ અને ઓપનગવર્નમેન્ટની દિશામાં આગળ વધવા માટે સુરત મહાનગરપાલિકાહસ્તકના વિવિધ ડેટાને પબ્લિક ડોમેઈનમાં

ઉપલબ્ધ કરવા માટે ભારતમાંશહેરી કક્ષાએ સૌપ્રથમ ઓપન ડેટા પોર્ટલsurat.data.gov.in લોન્ચ કરવામાં આવેલ છે, જેની પણ સદર સર્ટીફીકેશન પ્રક્રિયા દરમ્યાન નોંધ લેવામાં આવેલ.

સુરતમહાનગરપાલિકાનાગરિકોને ઉચ્ચ સ્તરની સુવિધા મળી રહે તથા સુરત શહેર એ વૈશ્વિક કક્ષાનું શહેર બને તે માટે હરહમેશ પ્રયત્નશીલ છે.સુરત મહાનગરપાલિકા સુરત શહેરનાનાગરિકોની સુખાકારી ધ્યાને રાખી ઉચ્ચ કક્ષાની સેવાઓ અને સુવિધાઓ પૂરી પાડવા કટીબદ્ધ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કામગીરીની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમયાંતરે નોંધ લેવામાં આવેલ છે.

આ સર્ટીફીકેટમળવાને કારણે, સુરત શહેરને વૈશ્વિક સ્તરે આ પ્રકારના સર્ટીફીકેટ મેળવનાર ખુબજજુજશહેરોનીશૃંખલામાં સ્થાન મેળવ્યું છે.



**ISO 37120**

WORLD COUNCIL
ON CITY DATA

# Certificate
# Of Registration

**ISO 37120 Sustainable Development of Communities: Indicators for City Services and Quality of Life**

**The World Council on City Data certifies that:**

## SURAT

**Has reported indicators in conformity with ISO 37120 at the**

## Gold Level - ISO 37120

And has been added to the WCCD Global Cities Registry™

Reporting Year: **2016**
Certificate Registration Number: **2016-G-0049**
Certificate Expiry Date: **December 31, 2017**

Art Eggleton
Chair
World Council on City Data

Patricia McCarney
President and CEO
World Council on City Data

૧૬૭૧

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૦.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૫** ફાઈલના **રૂા.૦.૪૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૫ લોકેશન (ખાડા) ૪૫૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૨.૮૨** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૬** લોકેશન (ખાડા) **૧૮૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, **૨૨૭૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** સાઉથ ઝોન (ઉધના) માં અમૃતનગર નગર પ્રાથમિક શાળા નં.૨૦૮ પાસેથી **૦૫** લારીઓનું તેમજ બમરોલી ૧૨૦ ફુટ રોડ પરથી **૦૬** શાકભાજીના પોટલાનું દબાણ દુર કરવામાં આવેલ.,તથા **રૂા.૮૦૦/**– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ., તથા સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૬૩(વડોદ), માં હરીઓમનગર,પ્લોટ નં. ૧૦૦ માં આશરે **૩૦૦ ચો.ફુટ** માપ વિસ્તારમાં પતરાની છત ઉતારી અને **૧૩૦ ચો.ફુટ** વિસ્તારમાં ચણતરની દિવાલ દુર કરવામાં આવેલ.,તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/**– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૩૪** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫૭.૫૫** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૦૬.૪૦** લાખ થયેલ છે., **૩૫** EC તથા **૧૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૪,૪૦૪/**– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૭૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**.**, **૧૦૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૩૦.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ ૪૦ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૫૦૦/**– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૮૨૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૯૮૫૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૭** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૨૬** કરવામાં આવેલ છે. જયારે **૨૩** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૦૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

**-: પ્રેસનોટ :-**

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૦/૦૧/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૬૩(વડોદ), માં હરીઓમનગર,પ્લોટ નં. ૧૦૦ માં આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પતરાની છત ઉતારી અને ૧૩૦ ચો.ફુટ વિસ્તારમાં ચણતરની દિવાલ દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં... ...
તા.૨૦-૦૧-૨૦૧૭
૨૧

1672

-: પ્રેસનોટ :-

"નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ"

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૦મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ખાતે પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પુષ્પાંજલી સહ વંદના બાદ શાળાના વિદ્યાર્થીઓ સુભાષચંદ્ર બોઝના જીવન પર વ્યકતવ્ય રજુ કરશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને ગોપીપુરા સુભાષચોક ખાતે ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

સમાચાર યાદી નં. 1673
તા.૨૧/૦૧/૨૦૧૭.
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

૧૬૭૪

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

**સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર)ના અડાજણ વિસ્તારમાં આજ રોજ તા.૨૧/૦૧/૨૦૧૭ ની ડિમોલિશનની કામગીરી**

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૨(અડાજણ), એફ.પી.નં.૧૪૨, એલ.પી.સવાણી રોડ, મધુવન સર્કલથી અડાજણ ગામ જતા રસતા ઉપર આવેલ અભિનંદન હાઈટસ તથા અભિલાષા હાઈટસમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ શ્રી સાંઈ ક્રિએશન, શ્રી સાંઈ ડ્રેસ મટીરીયલ્સ, કલિકુંડ સ્ટોર્સ, મારૂતિ ડિસ્પોઝેબલ એન્ડ પ્લાસ્ટીક, હરિઓમ પ્રોવીઝન્સ સ્ટોર્સ, લેટસ રોક, કોફી કિંગ, કેતુલ કાર વર્લ્ડ એન્ડ ઓટો સ્પા નામની એવી કુલ–૮ દુકાનધારકો ધ્વારા માર્જીન તથા પાર્કિંગની જગ્યામાં લોખંડની એંગલ, ગર્ડર, પતરાં તથા ચણતરની દિવાલ કરી ગેરકાયદેસર કોમર્શીયલ હેતુનું બાંધકામ આશરે ૨૨૦૦.૦૦ ચો.ફૂટ જેટલું બાંધકામ કરવામાં આવેલ, જે અંગે અભિનંદન હાઈટસ તથા અભિલાષા હાઈટસના રહેવાસીઓ ધ્વારા વારંવાર લેખિત તથા મૌખિક ફરીયાદ કરવામાં આવતી હતી. જે ધ્યાને લઈને દુકાનધારકો ધ્વારા સદર પાર્કિંગ / માર્જીનની જગ્યામાં કરવામાં આવેલ લોખંડની એંગલ, ગર્ડર, પતરાં તથા ચણતરની દિવાલ સહિતનું ગેરકાયદેસરનું કોમર્શીયલ હેતુનું બાંધકામ આજે તારીખ–૨૧/૦૧/૨૦૧૭ ના રોજ દૂર કરવામાં આવેલ છે. જેના કારણે આજુબાજુની સોસાયટીનાં રહીશો તેમજ જાહેર જનતાને નડતી પાર્કિંગ / ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ આવશે. વધુમાં સદર દુકાનદારો ધ્વારા પાર્કિંગ / માર્જીનની જગ્યામાં સુરત મહાનગર પાલિકાની પૂર્વ મંજુરી લીધા વિના આશરે ૧૦.૦૦ ફૂટ × ૧૦.૦૦ ફૂટના માપના જાહેરાતના હોર્ડિંગ્સ લગાડવામાં આવેલ હતા. તે પણ દૂર કરી જપ્ત લેવામાં આવેલ હતા. આ કામગીરી અંતર્ગત દુકાનદારો પાસેથી રૂા.૫૫,૦૦૦/– ડિમોલેશન / વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૬૭૪
તા.૨૧/૦૧/૨૦૧૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
### પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓક્ટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૭ની તા.૦૨/૦૧/૧૭ થી તા.૧૪/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ "પોન્ગલ ડે" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૧/૦૧/૧૭આંગણવાડીના કાર્યકરોનો સહયોગ લઈ વી.બી.ડી.સી વિભાગ દ્વારા ડ્રાય ડે(વાહક જન્ય રોગ નિયત્રંણ) એક્ટીવીટી કરવા માટે જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૨૧/૦૧/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારના નાયબ આરોગ્ય અધિકારીશ્રી, એ.આઈ.ઓ.શ્રીઓના નિરીક્ષણ હેઠળ આરોગ્ય વિભાગ, આઈ.સી.ડી.એસ., વી.બી.ડી.સી., આંગણવાડી કાર્યકરોની સંયુક્ત ટીમો બનાવી આંગણવાડી વિસ્તારોમાં મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડક્શન | બ્લડ સ્મીયર કલેક્શન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 33714 | 71425 | 186 | 10787 | 655 | 1724 | 83 | 3500 | 57 | 31144 | 12193 |

વધુમા પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢાંકવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી તેમજ રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 1675

તા.૨૧/૦૧/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

१६७६

**<u>સુરત મહાનગરપાલિકા</u>**
**<u>સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન</u>**
**<u>અખબારી યાદી</u>**

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૧/૦૧/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- ટી.પી.સ્કીમ નં.૧(વેસુ), ફા.પ્લોટ નં.૮૮ માં આવેલ પ્રાપ્તી પાર્ક એપાર્ટમેન્ટના નામે ઓળખાતી મિલ્કતની પશ્ચિમે ૧૮.૦૦ મી.ના ટી.પી.રોડને લાગુ ફા.પ્લોટ નં.૧૯૭ વાળી "ઓપન સ્પેસ" તરીકેના રીઝર્વેશન હેઠળની જમીનમાં પ્રાપ્તી પાર્ક એપાર્ટમેન્ટ દ્વારા બનાવેલ કમ્પાઉન્ડ વોલને લીધે સુરત મહાનગરપાલિકાને રીઝર્વેશન હેઠળની જમીનનો પુરેપુરો કબજો મળેલ ન હતો. આજરોજ ઉકત જગ્યામાં આવેલ કમ્પાઉન્ડ વોલ સહિતના દબાણો તોડી રીઝર્વેશન હેઠળની આશરે ૧૨૩૦૦.૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરેલ છે.
- વધુમાં પ્રાપ્તી પાર્ક એપાર્ટમેન્ટના એ–ટાઈપ બિલ્ડીગના ગ્રાઉન્ડ ફલોરના દુકાનદારો દ્વારા તેમની દુકાનોની સામે લોખંડની એંગલ, ચેનલ ઉભી કરી પતરાના છાપરા બનાવેલ તે પણ દૂર કરી આશરે ૨૧૦૦.૦૦ ચો.ફુટ માર્જીન ખુલ્લા કરવામાં આવેલ છે.

સદરહું કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના સ્ટાફ, સીકયોરીટી સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....1676...
તા.૨૧/૦૧/૨૦૧૭

# <u>પ્રેસ નોટ</u>

આજ રોજ મા.મેયરશ્રીની અધ્યક્ષતા હેઠળ શહેર વિસ્તારની ટ્રાફિકની સમસ્યા અર્થે જરૂરી ચર્ચા વિચારણા કરવા સારું સુરત શહેર પોલીસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીઓની એક સંયુકત મીટીગનું આયોજન સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં રાખવામાં આવેલ. સદર મીટીગમાં સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેર પોલીસ વિભાગ સંકલનમાં રહી સુરત શહેરની ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ કઈ રીતે કરી શકાય તે બાબતે મીટીગમાં ઉપસ્થિત સુરત શહેર પોલીસ વિભાગના અધિકારીઓ તથા સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીઓ ધ્વારા સૂચન કરવામાં આવ્યા તથા સદર મીટીગ દરમ્યાન નવી બનાવવામાં આવનાર ટ્રાફિક પોલીસી બાબતે, જંકશન પર થતા ટ્રાફિક જંકશન બાબતે તથા મલ્ટીલેવલ પાર્કીંગ તથા Pay & Parkનો વધુ ઉપયોગ કઈ રીતે કરી શકાય તે બાબતે વિસ્તુત ચર્ચા કરવામાં આવી તથા Smart City અંતર્ગત Adaptive Traffic Control System અન્વયે શહેરમાં ટ્રાફિકનું ભારણ હળવું કરવા બાબતે ચર્ચા કરવામાં આવી. વધુમાં આ જ રીતે દર મહિને આ જ પ્રકારની એક મિટિંગનું આયોજન કરવા અંગે નિર્ણય લેવામાં આવેલ.

1677

# ડ્રાય ડે

**સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે તા.૨૧/૦૧/૧૭ ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં ભોય શેરી,ધોબી શેરી,રૂવાળા ટેકરો જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં બાપુનગર ઝુપડપટ્ટી.મુસ્લિમ ફળિયુ,હિદાયતનગર,સંતતુકારામ,રસુલ જમાદાર સ્ટ્રીટ જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં સંજયનગર,,શિવમનગર,ઈ.ડબલ્યુ.એસ.આવાસ ઓમ સાંઈનગર,મોહમદીનગર,ભગવતીનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં મહાપ્રભુનગર,ખ્વાજાનગર,શિવહીરાનગર,કલ્પના સોસાયટી જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં અંબાજી મહોલ્લો,યુ.પી.નગર,રસુલાબાદ,સરસાણા ગામ,હળપતિવાસ જેવા વિસ્તારોમાં,કતારગામ ઝોનમાં વણઝારા વાસ,મિનાક્ષી વાડી,ઉત્કલનગર,વિજયનગર,એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં ખારવાચાલ, નરસિંહ મંદિર,ભરતીયા વાડી, મોહનનગર, મંદિર ફળિયું, લુહાર ફળિયુ,રોયલ પાર્ક, ધર્મનંદન–૨, ગંગાનગર, અયોધ્યાનગર જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૭૮૭૬ | ૭૯૪૮૪ | ૧૮૩ | ૧૧૫૮૨ | ૬૯૨ | ૧૭૭૬ | ૮૭ | ૪૨૬૦૦ | ૬૫ | ૩૨૫૧૫ | ૧૨૯૦૬ |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઇન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.
તા. ૨૧–૦૧–૨૦૧૭ 1678